# ઉનાળાની ઋતુમાં હિટસ્ટ્રેસ દરમિયાન પશુઓની કાળજી

ડૉ. જયેન્દ્રકુમાર. આર. ડામોર, ડૉ. ઘનશ્યામ. પી. સબાપરા,
ડૉ. દિલીપકુમાર. જી. વાઘમશી
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ-૩૬૨૦૦૧
DOI:10.5281/Vettoday.15789691

હાલના સમયમાં ગ્લોબલ વોર્મિંગના કારણે વૈશ્વિક તાપમાનમાં સદંતર વધારો થઇ રહ્યો છે જેની નોંધપાત્ર અસરો પશુધન પર જોવા મળી રહી છે, અને એમાં પણ ખાસ કરીને, ગ્લોબલ વોર્મિંગના કારણે ઉનાળા દરમિયાન હિટસ્ટ્રેસ(ગરમીની તાણ)ની અસર દરવર્ષે વધુ ગંભીર રીતે જોવા મળી રહી છે. ઉનાળા દરમિયાન ઊંચું તાપમાન હોવાને લીધે પશુઓના શરીરનું તાપમાન પણ વધી જાય છે, જેના પરિણામ સ્વરૂપે પશુ આહાર લેવાનું ઓછું કરી દે છે તેની સીધી અસર પશુના ચયાપચય અને શારીરિક કાર્યો પર થવાથી પશુઓના શરીરમાં સ્ટ્રેસનું પ્રમાણ વધી જાય છે જેના પરિણામ સ્વરૂપે પશુઓની દૂધઉત્પાદન તેમજ પ્રજનનક્ષમતા પર તેની માઠી અસર વર્તાય છે જે પશુપાલકો માટે આર્થિક રીતે ખૂબજ નુકસાનકારક બાબત છે.

ગાય-ભેંસ,ઘેટાં-બકરા,ઘોડા,કુતરા-બિલાડી અને મરઘીનો સમાવેશ વાર્મ બ્લડેડ એનીમલ(ગરમ લોહીવાળા પ્રાણીઓ)માં થાય છે કે જેઓ તેમના શરીરનું તાપમાન જાળવી રાખે છે. જયારે બાહ્ય વાતાવરણનું તાપમાન વધુ હોય છે ત્યારે ગાય-ભેંસ,ઘેટાં-બકરા અને ઘોડા પરસેવા દ્વારા તેમજ કુતરા-બિલાડી મોઢું ખુલુ રાખી લાળ પાડી પોતાના શરીરનું યોગ્ય તાપમાન જાળવવા પ્રયત્ન કરે છે, પરંતુ જયારે બાહ્ય વાતાવરણના તાપમાનની અસરના કારણે પશુઓના શરીરનું તાપમાન સામાન્ય કરતા વધી જાય ત્યારે પશુઓ હીટ સ્ટ્રેસનો ભોગ બને છે.

<u>પશુઓમા હીટ સ્ટ્રેસના લક્ષણો જોવા મળવા પાછળના કારણો</u>, જેમ કે,

- દેશી ઓલાદના પશુઓ ગરમી જીલી સકવા માટે સક્ષમ હોય છે જ્યારે ક્રોસબ્રીડ અને વિદેશી ઓલાદના પશુઓમાં આ ક્ષમતા ઓછી હોય છે કારણકે તે ઠંડા પ્રદેશને અનુકૂલિત હોવાથી આવા ક્રોસબ્રીડ અને વિદેશી ઓલાદના પશુઓ હિટસ્ટ્રેસનો વધુ ભોગ બને છે.
- દેશી ઓલાદના પશુઓમાં પણ હિટસ્ટ્રેસના લક્ષણો જોવા મળે છે કે જ્યારે બાહ્ય વાતાવરણનું તાપમાન ખુબજ ઊંચું હોય અને દેશી પશુઓ વાતાવરણ સાથે અનુકૂલન સાધવામાં અસમર્થ બને ત્યારે તે પણ હિટસ્ટ્રેસના ચિન્હો દર્શાવે છે.
- પશુના શરીરનો રંગ પણ હિટસ્ટ્રેસ માટે જવાબદાર ગણવામાં આવે છે, કાળા રંગના પશુઓમાં સામાન્યતઃ હિટસ્ટ્રેસ

થવાનું જોખમ વધુ રહેલ હોય છે, કારણ કે કાળો રંગ ગરમીનું વધુ શોષણ કરે છે જેથી આવા રંગના પશુઓમાં હિટસ્ટ્રેસ થવાની શક્યતાઓ વધુ હોય છે.

- ❖ નાની ઉમરના અને ઘરડા પશુઓમાં પણ હિટસ્ટ્રેસનું પ્રમાણ વધુ જોવા મળે છે.
- ❖ તાજા વિયાજણ થયેલા અને દુધાળ પશુઓમાં અંતઃસ્ત્રાવોનું પ્રમાણ વધુ હોવાને કારણે તે પણ ઊંચા તાપમાનના કારણે હિટસ્ટ્રેસનો ભોગ બની શકે છે.
- ❖ વજન કે કદમાં જાડા (વધુ ચરબી ધરાવતા) અને અસક્ત કે બીમાર પશુઓમાં પણ હિટસ્ટ્રેસ થવાની શક્યતા વધુ રહેલી હોય છે.

<u>હિટસ્ટ્રેસના પશુઓમાં જોવા મળતા મુખ્ય લક્ષણોમાં</u>,

- ❖ પશુ હાંફવા લાગે છે,
- ❖ પશુની શ્વસનક્રિયા વધી જાય છે અને તે મોઢું ખોલીને શ્વાસ લેવા માંડે છે.
- ❖ પશુ મોઢામાંથી લાળ પાડવા લાગે છે.
- ❖ પશુના શરીરનું તાપમાન વધી જાય છે.
- ❖ હિટસ્ટ્રેસની વધુ અસર થાય તો પશુ ચક્કર ખાઈ બેભાન થઇને પડી પણ જાય છે.
- ❖ જયારે અમુક કિસ્સામાં સમયસર સારવાર ન મળતા પશુનું મૃત્યુ પણ થાય છે.

<u>હિટસ્ટ્રેસના બીજા અન્ય લક્ષણો પણ પશુઓમાં જોવા મળે છે</u> જેવા કે,

- ❖ પશુ વધુ પાણી પીવા લાગે છે.
- ❖ પશુ ખોરાક લેવાનું ઓછું કરી દે છે, તેનાથી દૂધઉત્પાદનમાં પણ ઘટાડો જોવા મળે છે.
- ❖ દુધના ફેટ અને પ્રોટીનમાં પણ ઘટાડો થાય છે.
- ❖ પશુના વ્યવહારમાં પણ બદલાવ જોઈ સકાય છે, જેમકે
  - પશુ છાયંડો શોધી ત્યાં જવા પ્રયત્ન કરે છે.
  - પશુ નીચે બેસવાનું ટાળે છે.
  - પશુ પાણીના સ્ત્રોતની પાસે જ ઉભું રહે છે.

<u>ઉનાળામાં હિટસ્ટ્રેસ દરમિયાન પશુપાલક મિત્રોએ આ બાબતોનું ખાસ દયાન રાખવું</u> જેમ કે,

<u>પાણી</u>

- ❖ પશુઓને ઠંડુ અને ચોખ્ખું પાણી આપવું જોઈએ.
- ❖ એક દુધાળ પશુ સામાન્ય રીતે ૧૦૦ લીટર જેટલું પાણી પ્રતિ દિન આખા દિવસ દરમિયાન પીવે છે તેથી પશુના પાણીનું પાત્ર ખાલી ન રહેવું જોઈએ.

<u>શેડ</u>

- ❖ ઉનાળામાં તડકા દરમિયાન પશુઓને છાયંડાવાળા રહેઠાણમાં બાંધવા જોઈએ.
- ❖ રહેઠાણનું બાંધકામ પણ એ રીતે હોવું જોઈએ કે જેથી પશુઓને પુરતા પ્રમાણમાં હવાઉજાસ મળી રહે અને તડકો સીધો પશુઓ પર ના પડે.
- ❖ રહેઠાણનું છાપરું પતરાનું હોય તો તેના પર સફેદ રંગ કરવો અથવા તો છાપરા પર ઘાંસના પૂળા પાથરી દેવા જોઈએ જેથી પતરા વધુ ગરમ ન થાય અને

જેના કારણે પશુઓને ઓછી ગરમી લાગે.

- ❖ પશુઓને ખુલ્લામાં બાંધતા હોય તો ઉનાળા દરમિયાન તેમને ઝાડ નીચે બાંધવા હિતાવહ છે.

ઠંડક કરવા માટે

- ❖ ઉનાળા દરમિયાન પશુઓ પર દરરોજે નિયમિત રીતે ઠંડા પાણીનો છંટકાવ અત્યંત જરૂરી છે, તેનાથી પશુઓના શરીરનું યોગ્ય તાપમાન જળવાઈ રહે છે અને પશુઓ હિટસ્ટ્રેસનો ભોગ બનતા અટકે છે.
- ❖ શક્ય હોય તો પશુઓના શેડની આસપાસ પણ પાણીનો છંટકાવ કરવો જોઈએ.
- ❖ પંખાની સુવિધા હોય તો ઉનાળા દરમિયાન તેનો પણ યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.
- ❖ ગ્રીન નેટનો ઉપયોગ પણ ઉનાળા દરમિયાન ઠંડક માટે કરી શકાય છે.
- ❖ સ્પ્રીન્કલર્સ અને ફોગર્સનો પણ ઉપયોગ પશુઓમાં ઠંડક માટે કરી શકાય છે.

ખોરાક/ઘાસચારો

- ❖ ઉનાળા દરમિયાન પશુઓને લીલો ઘાસચારો પૂરતા પ્રમાણમાં આપવો કે જેથી તેમના શરીરમાં પાણીની માત્રા યોગ્ય રીતે જળવાઈ રહે.
- ❖ ઉનાળા દરમિયાન પશુઓને વધુ રેસાયુક્ત આહાર આપવો કે જેથી પશુઓને પાચનમાં સરળતા રહે.

યોગ્ય વ્યવસ્થાપન

- ❖ ખેતીમાં ઉપયોગમાં લેવાતા પશુઓ જેવા કે બળદ, તેમને ખેતી માટે સવારમાં અને સાંજે જ ઉપયોગમાં લેવા, ગરમીમાં તેમની પાસેથી કામ લેવાનું ટાળવું. અને આવા પશુઓ પાસેથી કામ લેતી વખતે તેમને નિયમિત અંતરાલે પાણી આપવું તેમજ થોડો સમય આરામ પણ આપવો.

પશુપાલક મિત્રો દ્વારા જો યોગ્ય તકેદારી અને સાવચેતીના પગલા લેવામાં આવે તો ઉનાળા દરમિયાન હિટસ્ટ્રેસની માઠી અસરોથી પશુઓને બચાવી શકાય છે.

************************************